# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૧/૧૨/૨૦૧૭ થી તા.૧૭/૧૨/૨૦૧૭)

# એલ.સી.બી.ખેડા-નડીયાદ

**ડભાણ પાસેથી ચોરીના ડમ્ફર સાથે આંતરાજ્ય રીઢા ગુનેગારને ઝડપી પાડતી એલ.સી.બી. ખેડા-નડીયાદ**

પ્રેસ નોટ- તા:-૧૩/૧૨/૨૦૧૭

ખેડા જીલ્લામા બનતા મિલકતસબંધી ગુનાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા શ્રી મનિન્દરસિહ પવાર પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓએ આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને સમગ્ર જીલ્લામા સઘન પેટ્રોલીંગ તથા વાહન ચેકીંગ કરવા જીલ્લાના તમામ થાણા અધિકારીઓને જરૂરી સુચના આપેલ જે અનુસંધાને એલ.સી.બી. પો.ઇન્સ. શ્રી વી.જે.રાઠોડ નાઓએ તેમના સ્ટાફને આપેલ માર્ગદર્શન અને સુચના મુજબ આજરોજ એલ.સી.બી. પો.સ.ઇ. શ્રી આર.કે.રાજપુત , એ.એસ.આઇ ઇમામબક્ષ, એ.એસ.આઇ વિજયસિંહ , હેડકો. રતેસિંહ, પો.કો. વિનોદકુમાર, પો.કો. રાકેશકુમાર, પો.કો. ઋતુરાજસિંહ, એ રીતેના મિલ્કત વિરૂદ્ધના ગુના સબંધે નડીયાદ ડભાણ ચોકડી ને.હા.નં. ૪૮ ઉપર વાહનચેકિંગ દરમ્યાન પો.કો. વિનોદકુમાર નાઓને બાતમી હકીકત આધારે અગાઉ વાહનચોરીના ગુનાઓમા પકડાયેલ રીઢો વાહન ચોર બદરૂદ્દીન ઉર્ફે અનવરહુસેન ઇબ્રાહીમ ઉર્ફે મયુદ્દિન સૈયદ રહે. એકતાનગર, આજવા રોડ, વડોદરા નાઓને વડોદરા થી એક ચોરીનું ડમ્ફર નં. જી.જે. ૨૧ ડબલ્યુ, ૩૬૭૬ નું લઇ અમદાવાદ તરફ જતા ડભાણ ચોકડી પાસેથી પકડી પાડેલ. સદર ઇસમને પોતાની પાસેના ડમ્ફર બાબતે પુછતા કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય સદર ડમ્ફર સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી બદરૂદ્દીન ઉર્ફે અનવરહુસેન ઇબ્રાહીમ ઉર્ફે મયુદ્દિન સૈયદ નાઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરેલ છે.

સદર પકડાયેલ ઇસમની ઘનિષ્ટ પુછપરછ કરતા સદર ડમ્ફર પોતે સુરત ખાતેના ડીંડોલી વિસ્તારમાથી ચોરી કરી અમદાવાદ લઇ જતો હોવાનુ જણાવતો હતો. જે બાબતે ખરાઇ કરતા આ ડમ્ફર ડીડોલી પો.સ્ટે. જી સુરત શહેર ફ. ગુ.ર.નં.૨૪૦/૧૭ ઇપી.કો.ક ૩૭૯ મુજબનો ગુનાના કામે ચોરાયેલાની હકીકત જણાઇ આવેલ. આમ ખેડા જીલ્લા એલ.સી.બી. દ્વારા વાહનચોરીનો વણશોધાયેલ ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

સદર પકડાયેલ ઇસમ ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. જેમા અગાઉ મણીનગર, નડીયાદ ટાઉન, નડીયાદ રૂરલ, કાગડાપીઠ, વડોદરા,પાટડી, મુંબઇ, મધ્યપ્રદેશ જીલ્લાના જાંબુઆ પો.સ્ટે. ભરૂચ , વલસાડ અને અમદાવાદ જીલ્લાના જુદાજુદા કુલ ૩૦ જેટલા વાહનચોરીના તેમજ ઘરફોડ ચોરીના તથા નકલી પોલીસ બની વિદેશી દારૂની હેરફેર કરવાનાં ગુનાઓમાં પકડાયેલ હતો તેમજ સદરી આરોપી અગાઉ વચગાળાના જામીન ઉપરથી ફરાર થઇને પણ પકડાયેલ હતો. સદરી ઇસમ ઉપર ઝગડીયા પો.સ્ટે. ખાતે લુંટનો ગુનો તેમજ દિલ્હી સ્પેશ્યલ સેલ દ્વારા તેને નકલી ચલણી નોટના ગુનામાં પણ પકડેલ હતો.


MAYA